# ખંભાત નગરપાલિકા ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર – ૧૪૮
## તારીખ. ૨૦–૦૯–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતા માં જમા થયેલ રકમ માથી પી.એફ.લોન ની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | વિધ્યાબેન ખીમચંદભાઈ હરીજન | પી.એફ.લોન | ૯૦૦૦૦.૦૦ |
| | | | |
| | | | ૯૦૦૦૦.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી.એફ.લોન ની રકમ પી. એફ. ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૯
## તારીખ.૨૦–૦૯ –૨૦૧૮

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા સરકારશ્રીના ગુજરાત શહેરી વિકાસ મીશન ગાંધીનગરના પત્ર નંબર. જી.યુ.ડી.એમ./ઈ–નગર/૨૦૧૮/૨૩/૧૫૨૫ તારીખ.૦૧–૦૬–૨૦૧૮ થી ઈ–નગર યોજના અંતર્ગત ખંભાત નગરપાલિકાના જુદા જુદા વિભાગોમાં ડેટા એન્ટ્રી તથા ઈ–નગર અંતર્ગત જુદી જુદી શાખાઓની એન્ટ્રી જરૂરીયાત મુજબના ફોર્મેટમાં તૈયાર કરી એપ્રુવ કરવાની કામગીરી માટે નગરપાલિકા ધ્વારા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૪૪ તારીખ.૧૬–૦૮–૨૦૧૮ના રોજ ઠરાવ કરેલ જે અન્વયે નગરપાલિકા ધ્વારા તા.૧૫–૦૮–૨૦૧૮ના રોજ આણંદ જીલ્લા આવૃત્તિ ''નયા પડકાર''માં જાહેરાત આપેલ અને તેના ટેન્ડર મોકલવાની/ભરવાની છેલ્લી તા.૨૧–૦૮–૨૦૧૮ના રોજ રૂબરૂમાં અગર રજીસ્ટર્ડ એ.ડી.થી મંગાવવામાં આવેલ તેમાં તારીખ.૨૧–૦૮–૨૦૧૮સુધી સમય દરમ્યાન ત્રણ(૩)પાર્ટીઓના ટેન્ડર આવેલા છે જેમાં (૧) મરકયુરી ઈન્ફોવે, જી/૪ અર્જુન એપાર્ટમેન્ટ, સી.પી.નગર પાસે, ધાટલોડીયા, અમદાવાદ–૩૮૦૦૬૧ (૦૭૯–૨૯૦૯૯૩૧૬ (મો) ૮૫૧૧૧૬૯૮૯૬–૯૮ (૨) શ્રી હરી ઈન્ફોસીસ, એ–૧૨, આંગન એનેક્ષી, નેશનલ હાઈવે–૮, બારેજા તા. દસક્રોઈ, જી. અમદાવાદ–૩૮૨૪૨૫ (મીહીર પટેલ) (મો) ૯૬૩૮૮૮૭૩૪૯ (૩) કોમ્પ્યુટેચ સર્વિસ, ૭૭, ધર્મદેવ નગર, સમ્રાટ નગર સામે, ઈસનપુર, અમદાવાદ–૩૮૨૪૪૩ (મો) ૦૯૮૭૯૦ ૫૩૦૯૯ ના ભાવો આવેલા છે.

| અનુ. નંબર | માલ સામાનનું વર્ણન વજન, સંખ્યા, જથ્થો વિગેરે. | MERCURY INFOWAY G/4, Arjun Appartment, Nr.C.P.Nagar. Ghatlodia. Ahmedabad-380061 | SHREE HARI INFOSYS A-12. Aagan Annexi, N.h.8 Bareja, Ta.Dascroi Dist. Ahmedabad-382425 | COMPUTECH SERVICES 77, Dharmdev Nagar, Opp.Samrat Nagar, Isanpur, Ahmedabad 382443 |
|---|---|---|---|---|
| (૧) | DATA ENTRY WORK FOR THE AREA BASED PRO-PERTY TAX SYSTEM, SHOP REGISTRATION AN LICENCING SYSTEM, BIRT DEATH REGISTRATION SYSTEM, MARRIAGE REGI-STRATION SYSTEM PROFESSIONAL TAX SYSTEM FOR KHAMBHAT NAGARPALIKA FROM | રૂા.૨.૮૩/– અંકે રૂપીયા બે અને ત્યાંસી પૈસા પુરા (એક એન્ટ્રી દીઠ) | રૂા.૩.૯૫/– અંકે રૂપીયા ત્રણ અને પંચાણું પૈસા પુરા. (એક એન્ટ્રી દીઠ) | રૂા.૪.૫૦/– અંકે રૂપીયા ચાર અને પચાસ પૈસા પુરા (એક એન્ટ્રી દીઠ) |

| | | | | |
|---|---|---|---|---|
| | EXISTING SOFTWARE PROGRAMME TO GIVEN ENAGAR FORMAT. ALSO EXPORT THE REQUIRED DATE IN NEEDED XLS FORMAT FOR FUTURE USAGE. | | | |

જેમાં (૧)મરકયુરી ઈન્ફોવે, અમદાવાદ એક એન્ટ્રીના રૂપીયા.૨–૮૩ પૈસા અંકે રૂપીયા. બે અને ત્યાંસી પૈસા પુરા (૨) શ્રી હરી ઈન્ફોસીસ, અમદાવાદ એક એન્ટ્રીના રૂા.૩–૯૫ પૈસા અંકે રૂપીયા. ત્રણ અને પંચાણું પૈસા (૩) કોમ્પ્યુટેચ સર્વિસ, અમદાવાદના એક એન્ટ્રીના – રૂપીયા.૪–૫૦ પૈસા અંકે રૂપીયા ચાર અને પચાસ પૈસા પુરા આવેલા છે.

જેમાં (૧)મરકયુરી ઈન્ફોવે, અમદાવાદ વાળાને તારીખ.૨૩–૦૮–૨૦૧૮ના રોજ રૂબરૂ ઈ–નગરની માહીતી તૈયાર કરી એપ્રુવ કરી આપવાની કામગીરીના ભાવ પત્રકમાં નેગોશીએશન કરવા માટે બોલાવતા તેઓ એ એક એન્ટ્રીના રૂપીયા.૨–૮૩ પૈસા અંકે રૂપીયા. બે અને ત્યાંસી પુરા સી.જી.એસ.ટી. અને એસ.જી.એસ.ટી. સાથેના આપેલ છે તેમાં નેગોશીએન કરતાં તેઓ તરફથી એક એન્ટ્રીના રૂપીયા.૨–૬૪ અંકે રૂપીયા બે અને ચોસઠ પૈસા પુરા સી.જી.એસ.ટી. અને એસ.જી.એસ.ટી. સાથે ભાવ ઘટાડવા સંમતી આપેલ છે. જેમાં નેગોશીએશન મુજબ મરકયુરી ઈન્ફોવે, અમદાવાદના એક એન્ટ્રીના રૂપીયા.૨–૬૪ અંકે રૂપીયા બે અને ચોસઠ પૈસા પુરા સૌથી ઓછા ભાવો હોવાથી સદર કામગીરી તેઓની પાસે કરાવવા મંજુર અને આ અંગે થતો તમામ ખર્ચ ચૌદમા નાણાં પંચની ગ્રાન્ટ હેઠળ કરવા ઠરાવવામાં આવે છે અને ઈ–નગરની ડેટા એન્ટ્રીની કામગીરી પુર્ણ થયા બાદ સદર એજન્સીએ બે વર્ષ સુધી સેવાઓ આપવાની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૫૦
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના કોમ્પ્યુટર વિભાગમાં એસેટ વિભાગનું પ્રિન્ટર કોમ્પ્યુટર આવેલ છે તેમાં પ્રિન્ટર બંધ પડી ગયેલ છે તે પ્રિન્ટરને રીપેરીગ કરાવવા માટે તારીખ.૦૧–૦૯–૨૦૧૮ ના રોજ રીપોર્ટ કરતાં સરકયુલર ટેન્ડર ફેરવતાં તારીખ.૦૭–૦૯–૨૦૧૮ સુધીમાં ત્રણ પાર્ટીના ભાવો આવેલા છે જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં નીચે મુજબના ભાવો આવેલા છે જેની વિગત નીચે મુજબ છે.

| અ.ન. | વિગત | ડીજીટ કોમ્પ્યુટર શોપ નં.૧૩, ચીતારી બજાર, ખંભાત ૯૮૯૮૧૬૦૧૪૭ | સમર્થ કોમ્પ્યુટર હરમાનની પોળ પાણીયારી પાસે, ખંભાત ૯૪૨૭૫૭૯૦૯૨ | માઈક્રો કોમ્પ્યુટર સ્ટેશન રોડ, ખંભાત ૮૮૬૬૫૨૦૯૧૬ |
|---|---|---|---|---|
| ૧ | એસેટ બ્રાન્ચ વિભાગમાં પ્રિન્ટર કેનન એલ.બી.પી. ૨૯૦૦ બી એફ બંધ પડી ગયેલ છે તે પ્રિન્ટરને ચાલુ કરી આપવાના ભાવો. | રૂા.૧૬૫૦/– અંકે રૂપીયા એક હજાર છસ્સો પચાસ પુરા | રૂા.૧૪૦૦/– અંકે રૂપીયા એક હજાર ચારસો પુરા | રૂા.૧૮૫૦/– અંકે રૂપીયા એક હજાર આઠસો પચાસ પુરા |

જેમા એસેટ વિભાગમાં કોમ્પ્યુટર માટે પ્રિન્ટર રીપેરીગ કરવાના ભાવો (૧) ડીજીટ કોમ્પ્યુટર, ખંભાતના ભાવ રૂા.૧૬૫૦/– (૨) સમર્થ કોમ્પ્યુટર, ખંભાતના ભાવ રૂા.૧૪૦૦/– (૩) માઈક્રો કોમ્પ્યુટર ખંભાતના ભાવ રૂા.૧૮૫૦/– ભાવો આવેલા છે જેમાં કમ્પેરટીવ સ્ટેટમેન્ટ બનાવતાં પ્રિન્ટર રીપેરીગ કરવા તથા ફીટીગ કરી આપવા સાથેના ભાવો સૌથી ઓછા ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાતના રૂા.૧૪૦૦/– અંકે રૂપીયા એક હજાર ચારસો પુરા આવેલા છે તો તેઓની પાસે કેનન પ્રિન્ટર ૨૯૦૦ એલ.પી.પી. રીપેરીગ કરવા માટે અને તે અંગેનો ખર્ચ કરવા આથી મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૫૧
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

ખંભાત નગરપાલિકા – ખંભાતની તારીખ.૨૦–૦૯–૨૦૧૮ ને ગુરૂવારના રોજ બપોરના ૦૪–૩૦ કલાકે મળેલ એકઝીકયુટીવ કમીટીમાં થયેલ ઠરાવથી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ (SWM Rules -2016) ના અમલીકરણ માટે ભારત સરકારશ્રી ની વનપર્યાવરણ, મોસમ મંત્રાલય ધ્વારા નોટિફિકેશન પ્રકાશિત કરવામાં આવેલ છે. જેના ખંભાત શહેરમાં અમલીકરણ માટે તારીખ.૦૧–૧૦–૨૦૧૮ના રોજ ખંભાત નગરપાલિકા, ખંભાતની એકઝીકયુટીવ કમીટીથી સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં ઠરાવ – કરવામાં આવેલ તેને આજની આ સભા મંજૂર કરી અમલવારી માટે ખંભાત નગરપાલિકા, ખંભાતના પેટા નિયમો તરીકે જાહેર કરે છે. જે ખંભાત નગરપાલિકા, ખંભાતના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ (SWM Rules- 2016) ના પેટા નિયમો ૨૦૧૮ તરીકે માન્ય રહેશે.

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ –૨૦૧૬ના પેટા નિયમો –૨૦૧૮

(૧) ઘન કચરાને ખુલ્લામાં, શેરીઓમાં, જમીનપર, બગીચામાં કે કોઈ પણ જાહેર સ્થળો જેવા તમામ સ્થળોએ કચરો બાળવા પર સંપૂર્ણ પણે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

- (એ) નિયમ ભંગ કરનાર સામે ખંભાત નગરપાલિકા ધ્વારા કચરો બાળનાર વ્યકિત પાસેથી પ્રથમ વખતનાં ગુન્હા માટે રૂપીયા.૧૦૦/–કે તેથી વધુ દંડ કરવાનું ઠરાવવામાં આવે છે. જયારે પુનરાવર્તિત વખતના ગુન્હા માટે ગુરૂત્તમ દંડ રૂપીયા.૫૦૦/– થી રૂપીયા. ૫૦૦૦/– સુધી વસુલ કરવામાં આવશે.
- (બી) દુકાનદાર હોયતો તેનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.
- (સી) પાણીનું કનેકશન બંધ કરવામાં આવશે.
- (ડી) વારંવાર ગુનો કરતાં માલુમ પડે તો પોલિસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) રહેણાંક, વાણિજય, સ્થાનિક સ્વરાજય સુસ્થા તથા ઔદ્યોગીક પ્રવૃતિમાંથી દૈનિક ઘનકચરો પેદા કરનાર ધ્વારા કચરાનો યોગ્ય નિકાલ કરવાની જવાબદારી ઘનકચરો પેદા કરનારની નકકી કરવામાં આવે છે.

(એ) દરેક કચરો ઉત્પન્ન કરનાર નાગરિક / સંસ્થા / ઉદ્યોગ / સ્થાનિક સ્વરાજય સંસ્થા જો કચરાનો ગમે ત્યાં નિકાલ કરતાં માલુમ પડેતો નગરપાલિકા ધ્વારા દંડ વસુલ કરવામાં આવશે.

(બી) દુકાનદાર હોય તો તેનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(સી) વારંવાર ગુનો કરતાં માલુમ પડે તો પોલિસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

(ડી) શહેરનું તંદુરસ્ત વાતાવરણ જળવાઈ રહે અને નગરજનોમાં સ્વચ્છતાં પ્રત્યેની સભાનતા પ્રગટ થાય તે હેતુસર શહેરમાં વિવિધ સ્તરે જાહેરમાં ગંદકી તેમજ ન્યૂસન્સ કરતાં ઈસમો પાસેથી વહીવટી ચાર્જ/ દંડ વસુલાત માટે SWM Rules-2016 મુજબ સ્વચ્છતાં ભંગ કરતી પ્રવૃતિઓ માટે દંડની રકમ નકકી કરવામાં આવે છે. ગંદકી કરનાર ઈસમો/ એકમો વિગેરે પાસેથી વહીવટી ચાર્જ વસુલ કરવા માટે આરોગ્ય વિષયક વિવિધ મુદ્દાઓ ધ્યાને લઈ પ્રથમ દર્શીય ગુન્હા માટે લઘુત્તમ અને પુનરાવર્તિત ગુન્હા માટે ગુરૂત્તમ વહીવટી ચાર્જનું માળખું નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

**વહીવટી ચાર્જ / દંડની રકમ વસુવાનું પત્રક**

| ક્રમ | ગુન્હા | એક વખતના | એક થી વધુ |
|---|---|---|---|
| (૧) | **રસ્તા પરની ગંદકી માટેનો દંડ** | | |
| | વ્યકિતગત | ૫૦/- | ૫૦૦/- |
| | રહેઠાણ | ૫૦/- | ૫૦૦/- |
| | રસ્તા, ફુટપાથ પરના ફેરિયા, લારી વિગેરે | ૧૦૦/- | ૧૦૦૦/- |
| | ઓફીસ અને શોપ કીપર | ૩૦૦/- | ૩૦૦૦/- |
| | હોટલ અને રેસ્ટોરન્ટ | ૫૦૦/- | ૫૦૦૦/- |
| | પબ્લિક એરીયા જેવા કે શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષ વિગેરે. | ૫૦૦/- | ૫૦૦૦/- |
| | કલીનીક અને હોસ્પીટલ | ૫૦૦/- | ૫૦૦૦/- |
| | ઈન્ડસ્ટ્રીઝ | ૫૦૦/- | ૫૦૦૦/- |
| (૨) | **પાણીના વ્યય માટેનો દંડ** | | |
| | રહેઠાણ | ૧૦૦/- | ૧૦૦૦/- |
| | વ્યવસાયિક એકમ | ૨૦૦/- | ૨૦૦૦/- |
| | ઈન્ડસ્ટ્રીઝ | ૫૦૦/- | ૫૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| (૩) | <u>સામાન્ય દંડ</u> | | |
| | ખુલ્લામાં શૌચાલય, પેશાબ અને થુકવું | ૫૦/- | ૫૦૦/- |
| | જાનવરોનો ઉપદ્રવ | ૧૦૦/- | ૧૦૦૦/- |
| | કચરો નદી, તળાવ, ખાડીમાં નાખવો | ૧૦૦/- | ૧૦૦૦/- |
| | બાંધકામનો કાટમાળ રસ્તા પર નાંખવો તથા રેતી, કપચી, ઈંટો વિગેરે બાંધકામમાં વપરાતો સામાન | ૧૦૦૦/- | ૧૦૦૦૦/- |
| (૪) | રસ્તા પર હાથલારી/ કેબીન વિગેરે રાખી રસ્તા પર દબાણ કરવું | ૫૦૦/- | ૫૦૦૦/- |

(૩) કચરાનો અવૈદ્ય નિકાલ કરનારાઓ કે નિયમોની જોગવાઈનું પાલન કરવામાં નિષ્ફળ રહેતી વ્યકિતઓ/ સંસ્થાઓ પાસેથી દંડ વસુલ કરવાની પેટા નિયમોની જોગવાઈઓમાં સુનિશ્ચિત કરવી જેમાં સમકક્ષ અધિકારીઓને કે સ્થાનિક સંસ્થાને આ દંડ વસુલ કરવાની સત્તા સોંપવા બાબત.

(અ) દંડ વસુલ કરવાની સત્તા નીચે મુજબના અધિકારીઓ તથા કર્મચારીઓને આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ચીફ ઓફીસર | ૫. | નગરપાલિકાના તમામ એન્જિનીયર |
| ૨. | ચીફ સેનેટરી ઈન્સ્પેકટર | ૬. | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર |
| ૩. | સેનેટરી ઈન્સ્પેકટર | ૭. | ટેક્ષ સુપ્રીટેન્ડન્ટ |
| ૪. | સેનેટરી સુપરવાઈઝર | ૮. | મેલેરીયા ઈન્સ્પેકટર |

(૪) કોઈપણ પ્રકારના રહેણાંકની સોસાયટીઓ કે માર્કેટ સંકુલોના નિર્માણના નકશાઓ મંજુર કરતાં પહેલા ખાત્રી કરવી કે તેના નિર્માતાઓ ધ્વારા ઘનકચરાના એકત્રીકરણ, વર્ગીકરણ અને સંગ્રહની વ્યવસ્થા માટેની પુરતી જોગવાઈ રાખવામાં આવેલ છે કે કેમ? તેની ચકાસણી કરવાની અને બાંધકામ પુર્ણ થયા બાદ જો આવી વ્યવસ્થા – રાખવામાં આવેલ ન હોય તો તેની સામે પગલા લેવાની કામગીરી નગરપાલિકા ધ્વારા કરવામાં આવશે.

(૫) ઘનકચરાના વ્યવસ્થાપનની સુવિધાઓના સંચાલકો ધ્વારા દરેક કામદારોને વ્યકિતગત સુરક્ષાના ઉપકરણો / સાધનો જેવા કે વર્દી, ફ્લોરોસન્ટ જેકેટ, હાથ મોજા, ઉચિત – જોડા, માસ્ક વિગેરે સાધનો પુરા પાડવાના રહેશે.

(૬) ઉપર મુજબના પેટા નિયમો ખંભાત નગરપાલિકા, ખંભાતની તારીખ.૨૦/૦૯/૨૦૧૮ ના રોજ બપોરે ૦૪–૩૦ કલાકે ગુરૂવારના રોજ મળેલ એકઝીકયુટીવ કમીટીમાં મંજુર કરવામાં આવેલ છે. જેના અમલીકરણ માટે દૈનિક પત્રમાં જાહેરાત પ્રકાશિત કરવી તેમજ પ્રચાર પ્રસાર સંચાર અને શિક્ષણના માધ્યમથી અભિયાન ચલાવવું અને કચરો પેદા કરનારાઓને જાણકારી આપવી.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી

સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ

સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૫૨
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ વંચાણે લેવામાં આવ્યા. જેમાં થયેલ જોગવાઈ મુજબ નગરપાલિકા વિસ્તારમાંથી રોજે રોજ ઉત્પન્ન થતો ઘન કચરો એકત્રિત કરી તેનાં ઉપર પ્રોસેસીગ કરી તેનો નિકાલ કરવાનો તથા ઘન કચરા – નિકાલની જગ્યા ઉપર લાંબા સમયથી પડી રહેલ પ્રોસેસીગ થયા વગરના કચરાનો નિકાલ કરવાની નગરપાલિકાની જવાબદારી બને છે. ઉત્પન્ન થતો ઘન કચરો મુખ્યત્વે બે પ્રકારના હોય છે.

(અ) **સુકો કચરો :–**

જેના નિકાલ માટે મટીરીયલ રીકવરી ફેસીલીટી (એમ.આર.એફ.)ની વ્યવસ્થા ઉભી કરવાની થાય છે. જયાં સુકા કચરાને અલગ અલગ (દા.ત.પ્લાસ્ટિક, ધાતુ, કપડાં, કાગળ, પોલીથીલીન વિગેરે) વર્ગીકૃત કરી, તેનો રીસાયકિલંગ માટે નિકાલ કરવાનો થાય છે.

(બ) **ભીનો કચરો :–**

નગરપાલિકામાં ઉત્પન્ન થતાં ભીના કચરામાંથી સેન્દ્રીય ખાતર બનાવવા માટે વ્યવસ્થા કરવાની થાય છે.

ઉપરોકત બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ચર્ચા વિચારણાને અંતે ઘન–કચરાના પ્રોસેસીગ માટે ડીટેઈલ્ડ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરી Viability Gap Funding (VGF) માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. સબબ જરૂરી કાર્યવાહી કરવાની પ્રમુખશ્રી અને ચીફ ઓફીસરશ્રીને સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૫૩
## તારીખ.૨૦–૦૯ –૨૦૧૮

આથી ઠરાવવામાં આવે છે કે સેનીટેશન ખામાં આવેલ જે.સી.બી. મશીન ઘણાં સમયતી વપરાશમાં રહેતા. તેના તમામ પીન બુશીગ ઘસાઈ જાવાથી તે બદલાવવા તથા ઘસારાથી હોલમાં ગાળા પડી જવાથી તેમાં વેલ્ડીંગ કરી પુરી નવા ગાળા કરવાના કામ માટે અગાઉ થયેલ પ્રક્રીયાના આધારે ચોમાસાની સીઝન તથા આવતા તહેવારોને ધ્યાને લેતાં સદર મશીન તાત્કાલીક રીપેર કરવાનું થતું હોય તા.૧૧–૭–૧૮ના સી.એસ.આઈ. ના રીપોર્ટને ધ્યાને લેતાં વર્કઓટર સુ.જા.નં.૧૨૩૪/ તા. ૪–૮–૧૮ થી રૂા.૬૭૭૯૭/– ના અંદાજીત એસ્ટીમેન્ટના આધારે કામ કરાવવા શ્રી જય લક્ષ્મી એન્જી.વર્કસ– દશરથ, વડોદરા ખાતે મોકલતા સદર જે.સી.બી.ના પીન બુર્શીગનું તમામ કામ કરાવતા કુલ ખર્ચ રૂા.૮૨૨૯૬/–થી કરાવેલ છે. જે થયેલ ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૫૪
## તારીખ.૨૦–૦૯ –૨૦૧૮

આથી ઠરાવવામાં આવે છે કે સેનીટેશન ખાતાનું જે.સી.બી. વડોદરા રીપેરીંગમાં મુકેલ જે રીપેર થતા પરત ખંભાત લાવવા માટે માં પેટ્રોલીયમ,દશરથ– વડોદરા ખાતેથી ૪૦.૫૯ લીટર ડીઝલ રોકડેથી રૂા.૩૦૦૦/– ના ખર્ચથી ભરવેલ જેનો થયેલ ખર્ચ મંજુર કરી ચુકવવા મંજુર.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર ૧૫૫
## તારીખ.૨૦–૦૯ –૨૦૧૮

આથી ઠરાવવામાં આવે છે કે સેનીટેશન ખાતાના ડોઝર મશીનનો પાવડો ખરાબ થઈ ગયેલ છે. હાલ ચોમાસુ સીઝન ચાલે છે અને તહેવારો ચાલતા હોવાથી સદર મશીનની ખાસ જરૂર હોવાથી તાત્કાલીક સરકયુલર ટેન્ડર ફેરવીને ભાવો મંગાવતા એકજ ભાવ શ્રી હરિ વેલ્ડીંગ વર્કસના આવેલ છે.જેથી તેઓના આવેલ ભાવ રૂા.૮,૫૦૦/– થી પાવડાને નવી પટ્ટીઓનો સપોટ મારી આગળની ધારે નવી રાંપ ફીટ કરવાનું કામ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર ૧૫૬
# તારીખ.૨૦–૦૯ –૨૦૧૮

આથી ઠરાવવામાં આવે છે કે સ્વચ્છ ભારત મિશન અર્બન–ગુજરાતના પત્ર નં. સભમ/ ૧૦૨૦૧૮/ ૩૧૬૩/ એસબીએમ તા.૧૨–૯–૧૮ થી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા.૧૫ સપ્ટે. થી ૦૨ ઓકટો. સઘન જનજાગૃતિ સફાઈ ઝુંબેશ કાર્યક્રમ હાથ ધરવા આપેલ ગાઈડ લાઈન મુજબના કાર્યક્રમો કરવા જેમ કે ભીતચિત્રો, બેનર, શેરી નાટકો, રેલી તથા સ્વચ્છ ભારત મિશન અંર્તગતના અન્ય કાર્યક્રમોમાં જતો જરૂરી ખર્ચ આઈઈસીની ગ્રાન્ટ પત્ર નં.મસમ/૧૦૨૦૧૫/ ૪૬૦/ એમજીએસએમ સેલ તા.૧૪–૭–૧૫ માંથી શેષ રકમ રૂા.૬૩,૭૧૫/– માંથી કરવા મે. પ્રમુખ સાહેબ તથા ચીફ ઓફીસરને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૫૭
## તારીખ.૨૦–૦૯ –૨૦૧૮

આથી ઠરાવવામાં આવે છે કે સેનીટેશન ખાતામાં ડોર ટુ ડોર કલેકશન માટેના ટેમ્પા નં. GJ 18 G 9518 નો કલ્ચ ખરાબ થઈ જવાથી ડ્રાયવરના તા.૨૮–૮–૧૮ના રીર્પોટને ધ્યાને લેતાં સદર કામ માટે સરકયુલર ટેન્ડર તા.૨૮–૮–૧૮થી ફેરવી રૂબરૂ ભાવો મંગાવતા ત્રણ ભાવ મળેલ જેમાં સૌથી ઓછા ભાવ સહારા ઓટો મોબાઈલ્સ વર્કસ–તારાપુર વાળાના રૂા.૪૮૫૦/– આવેલ હોય સદર કામ સહારા ઓટો મોબાઈલ્સ વર્કસ–તારાપુર પાસેથી કરાવવા અને આ અગે થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૫૮
## તારીખ.૨૦–૦૯ –૨૦૧૮

આથી ઠરાવવામાં આવે છે કે સેનીટેશન ખાતાનું જે.સી.બી.ની હાઈડ્રોલીક પાઈપ ચાલુ કામે ફાટી જવાથી તાત્કાલીક બદલવાની થતી હોઈ શહેરમાં મળતી ના હોવાથી તારાપુર, શ્રી રવેશી ઓટો પાર્ટસ પાસેથી રોકડમાં રૂા.૧૫૮૦/– ના ખર્ચથી ખરીદેલ જેનો થયેલ ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

**ખંભાત નગરપાલિકા,ખંભાત**

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૫૯**

**તારીખ.૨૦–૦૯ –૨૦૧૮**

આથી ઠરાવવામાં આવે છે કે સેનીટેશન ખાતાનું જે.સી.બી.ના પાવડા તથા બકેટના દાંતા ઘસાઈ ગયેલ હોય લોકલમાં સદર પાર્ટ મળતાં ના હોવાથી તારાપુરમાં શ્રી રવેશી ઓટો પાર્ટના તા.૨૯–૬–૧૮ના કોટેશન આધારે મોટા પાવડાના તથા બકેટના કુલ ૧૨ નંગ દાંતા રૂા.૩૯૦/–ના ભાવથી રૂા.૪૬૮૦/– તથા ૨૪ નંગ બોલ્ટ રૂા.૪૦/–ના ભાવથી રૂા.૯૬૦/–ના ખર્ચથી ખરીદ કરવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર: ૧૬૦

## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકામાં પ.વ.ડી. ખાતામાં સામુદાઈક વિકાસ યોજના અંતર્ગત તેને લગતી કામગીરી કરવા માટે નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી શ્રી અબ્દુલકાદર ઈબ્રાહીમભાઈ શેખ અગાઉના વર્ષોમાં તેઓ કામગીરી કરી ચુકેલા અને અનુભવી છે જેથી તેઓને સદર કામગીરી માટે તારીખ.૦૫–૦૯–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૮ સુધી એક માસ માટે રોજના રૂપીયા. ૨૫૦/– અંકે રૂપીયા બસો પચાસ પુરાથી રાખવા ઠરાવ કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૬૧
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

આજ રોજ તારીખ.૨૦–૦૯–૨૦૧૮ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૪૯ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે. અને ટેક્ષ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી વર્ષ ૨૦૧૮–૨૦૧૯ ના નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૬૨

## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

આજ રોજ તારીખ.૨૦–૦૯–૨૦૧૮ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૫૧ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ – મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૩

## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

ખંભાત નગરપાલિકા વિસ્તારમાં ચિતારી બજાર ચાર રસ્તા પાસે તથા લોકાપરી વિસ્તાર પાસે ગટર લાઈનના કામે ખોદકામ કરેલ. આ અંગે મહોરમ / ગણેશ મહોત્સવને ધ્યાનમાં રાખી રસ્તા રીપેરીંગની કામગીરી બાબતે મજુરી કામના ભાવપત્રકો મંગાવવામાં આવેલ. આ બાબતે આવેલ ભાવપત્રકો પૈકી શ્રી સંજય.સી.મંડોળ ના ભાવ રૂા.૮/– ચો.ફુટ પ્રમાણે સૌથી ઓછા આવેલ તે ભાવથી કામગીરી કરાવેલ છે. તે મંજુર રાખવામાં આવે છે. આ બાબતે આગળની કાર્યવાહી અર્થે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૬૪
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

ખંભાત નગરપાલિકા વિસ્તારમાં આરોગ્યલક્ષી કાર્યક્રમ હેઠળ વાઘરીયાવાડ વિસ્તારમાં તથા ધી ખંભાત તાલુકા ખરીદ વેચાણ સંઘની સામે ડસ્ટબીન બનાવવાની જરૂરીયાત છે આ અંગે મજુરી કામના સરકયુલર ટેન્ડર ફેરવી ભાવપત્રકો માંગવામાં આવેલ. આ અંગે આવેલ ત્રણ ભાવપત્રકો પૈકી શ્રી રોહીતભાઈ રમેશભાઈ માછીના ભાવો નીચેની વિગતે સૌથી ઓછા આવેલ.

| નં. | કામનું નામ | ભાવની વિગત |
|---|---|---|
| ૧ | પાવર હાઉસ મધ્યસ્થની સામે અંદાજીત ૧૨×૮ ની સાઈઝ તથા ૩.૫ થી ૪ ફટ ઉચી કચરાપેટી ચણતર, પ્લાસ્ટર, ખોદાણ, ક્રોકરેટ સાથે કમ્પલીટ | ૫૪૦૦.૦૦ |
| ૨ | વાઘરીયાવાડ વિસ્તારમાં અંદાજીત ૧૨×૧૦ ની સાઈઝ તથા ૫ ફુટની ઉચાઈવાળી કચરાપેટી ચણતર, પ્લાસ્ટર, ખોદાણ, ક્રોકરેટ સાથે કમ્પલીટ | ૯૨૦૦.૦૦ |

આ બાબતે કામની અગત્યતાને ધ્યાનમાં રાખી શ્રી રોહીતભાઈ રમેશભાઈ માછીના ઉપરોકત ભાવો મંજુર કરવામાં આવે છે. તથા આ બાબતે થયેલ કાર્યવાહી મંજુર રાખવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૫

## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

ખંભાત નગરપાલિકા વિસ્તારમાં ગણેશ મહોત્સવ / મહોરમના ધાર્મિક પ્રસંગોના કારણે શહેરના મુખ્ય માર્ગો ઉપર તથા ધાર્મિક કાર્યક્રમના સ્થળે ખાડા પુરવા પેચવર્કના કામ કરવા જરૂરી હતા. આ બાબતે સદર કામગીરી અંગે નિયત જરૂરીયાત મુજબના રોજંદારી દર રૂા.૨૩૫.૯૫ થી બહારના જરૂરી મજુરો પાસે કામો કરાવેલ છે. તે કાર્યવાહી મંજુર રાખવામાં આવે છે. આ બાબતે આગળની કાર્યવાહી અર્થે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૬૬
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે તારીખ.૨૯–૦૮–૨૦૧૮ નાં રોજ ચીફ ઓફીસર શ્રી તથા રવિકુમાર એ. રાણા આણંદ તથા ગાંધીનગર "અર્બન પ્રોફાઈલ પોર્ટલ" ની ઉપયોગીતા અને કેપેસીટી બીલ્ડીંગ સંદર્ભે મીટીગમાં જવા માટે નગરપાલિકાની બોલેરો ગાડી રીપેરમાં મુકેલ હોવાથી "નૈયર ટ્રાવેલ્સ" વાળાના વાર્ષીક ભાવો એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૫ તારીખ.૧૯–૦૪–૨૦૧૭ થી મંજુર થયા મુજબ તેમની વિસ્ટ્રા નંબર. જી.જે.૬ એફ.સી.૨૧૧૬ ભાડે કરીને ગયેલ જેના ભાડાના રૂપીયા.૨૯૦૦/– અંકે રૂપીયા. બે હજાર નવસો પુરા થાય છે જે ચુકવવા મંજુર.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૭
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગમાં મીની ફાયર ટેન્ડર નંબર. જી.જે.૨૩ વી. ૭૦૬૦ ની ચેસીસ તુટી ગયેલ છે જેનાં કારણે સદર વાહન છેલ્લા ઘણા સમયથી બંધ હાથલમાં પડી રહેલ છે. અગાઉ સદર વાહનની ચેસીસનું રીપેરીગ કામ કરાવવા માટે ટેન્ડર પ્રક્રિયા કરી ભાવ મંગાવવામાં આવેલ જેમાં "વાડીયા બોડી બિલ્ડર્સ, મીરઝાપુર, અમદાવાદ" વાળાના ભાવો રૂપીયા.૩,૯૦,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ નેવું હજાર પુરા તેમજ ૨૮% જી.એસ.ટી.અલગથી ભાવો આપવામાં આવેલ જે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૩૪ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી મંજુર કરવામાં આવેલ પરંતુ નગરપાલિકાની નાણાંકીય પરિસ્થિતિને ધ્યાને રાખી સદર વાહન રીપેરીગ કરાવવાનું મુલત્વી રાખવામાં આવેલ અને હાલમાં તહેવારો જેવા કે મહોરમ, ગણેશ ઉત્સવ, નવરાત્રી તથા દિવાળી નજીકમાં આવતાં હોઈ નગરપાલિકા પાસે ફકત એક જ ફાઈટર છે. જેથી તહેવારોને ધ્યાને રાખી તાકીદે રીપેરીગ કરાવવાની જરૂરીયાત હોઈ ખંભાત શહેરમાં આવેલ "સ્ટાર ઓટો ગેરેજ" વાળા ને સદર વાહન બતાવતા તેઓ એ સદર વાહનની ચેસીસ તથા બોડીનું સંપુર્ણ કામ કરવા માટે તેઓ એ રૂપીયા.૧,૪૯,૫૦૦/– અંકે રૂપીયા એક લાખ ઓગણપચાસ હજાર પાંચસો પુરાનો એસ્ટીમેટ માલ સામાન મજુરી સાથે તેમજ એક વર્ષની કરેલ કામની ગેરેંટી સાથે આપેલ છે જેથી સદર મીની ફાયર ટેન્ડર "સ્ટાર ઓટો ગેરેજ, ખંભાત વાળા" પાસે રીપેરીગ કરાવવા મંજુર અને આ અંગે થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૮
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

ઓફીસ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીનો રીપોર્ટ અને ચીફ ઓફીસરશ્રીની ભલામણ વંચાણે લેતા આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના લેબર કોર્ટને લગતાં કેસો / પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ ૧૯૭૨ અંતર્ગત કંન્ટ્રોલીગ ઓથોરીટી આણંદ તથા એપેલેટ – ઓથોરીટી, વડોદરા સમક્ષની અપીલોમાં ખંભાત નગરપાલિકા તરફે રજુઆત કરવા – એડવોકેટ રોકવાની જરૂર પડે છે અને દર વખતે મોંઘી ફી ચુકવવાની થાય છે જેમાં સદર કામદાર શ્રી અબ્દુલસિદ્દીક અબ્દુલકરીમ શેખે ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ–૧૯૭૨ અને તેના નિયમો હેઠળ કંન્ટ્રોલીગ ઓથોરીટી સમક્ષ ગ્રેજયુઈટી કેસ નં.૩૮/૨૦૧૮ દાખલ કરેલ છે જે અપીલમાં નગરપાલિકા તરફે એડવોકેટ તરીકે શ્રી ધર્મેશ એચ. શાહ મુ.નડીયાદ ની એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૩૧ તારીખ.૧૬–૦૮–૨૦૧૮ થી નિમણુંક – કરવામાં આવેલ પરંતુ તેમની ફી તથા શરતોની માંગણી વધુ હોવાથી તેઓની નિમણુંક ઠરાવ રદ કરવામાં આવે છે અને આણંદ તથા નડીયાદની લેબર કોર્ટે સમક્ષના કેસોમાં તથા આણંદ તથા વડોદરા ગ્રેજયુઈટીની અપીલોમાં નગરપાલિકાના એડવોકેટ તરીકે નડીયાદના એડવોકેટશ્રી અલ્પેશ એસ. શાહની નિમણુંક કરવા મંજુર કરવામાં આવે છે આ અંગે શ્રી અલ્પેશ એસ. શાહને માસીક રૂપીયા.૧૦૦૦/– રીટેઈનરશીપ તથા કેસનો જવાબ તૈયાર કરવા સ્ટેશનરી / ઝેરોક્ષનો ખર્ચ તથા કેસોનો જવાબ તૈયાર કરવા ખંભાત આવવાનું થાય તો અથવા ગ્રેજયુઈટીની મુદતમાં વડોદરા જવાનું થાય તો તેના ટ્રાવેલીગ ખર્ચના રૂપીયા.૩૦૦/- અલગથી ચુકવવા મંજુર કરવામાં આવે છે તથા તે અંગેની નિયત ફી / ખર્ચ ચુકવી આપવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૬૯

## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે દર વર્ષેની મુજબ આ વર્ષે ગણપતિ વિસર્જન તારીખ. ૨૩–૦૯–૨૦૧૮ને રવિવારના રોજ થનાર છે જેમાં નગરપાલિકાના તમામ ખાતાઓ ને જુદી જુદી કામગીરી કરવાની રહે છે. શહેરના જાહેર રસ્તા ઉપર પેચ વર્ક કરવા તથા દરીયા સુધીનો માર્ગ તેયાર કરવા તથા નાના ગણપતીના વિસર્જન માટે કૃત્રિમ તળાવ તૈયાર કરવા માટે નગરપાલિકાના જે.સી.બી. ઉપરાંત હાઈપાવર જે.સી.બી. રોકવા જરૂરી ખર્ચ કરવા ગણપતિ વિસર્જનની પ્રક્રિયા દરમ્યાન તકેદારીના ભાગરૂપે ૨૫ (પચ્ચીસ) તરવૈયા રોજના રૂપીયા.૩૦૦/– લેખે ચુકવી તૈયાર રાખવા માટે તથા વિસર્જન પ્રકિંયા રાત સુધી ચાલતી હોવાથી તથા વિસર્જન સ્થળે પુરતા પ્રકાશની વ્યવસ્થા માટે જનરેટરની વ્યવસ્થા કરવા માટે તથા સ્ટેજ, માઈક, બેઠક વ્યવસ્થા, ગોઠવવા માટે તથા નગરપાલિકાના ફરજ ઉપર રોકાયેલ તમામ સ્ટાફ માટે ચા, પીવાનું પાણી, અલ્પાહાર, વિગેરે તમામ વ્યવસ્થા તથા ગણપતિ વિસર્જન પ્રક્રિયા સંલગ્ન થનાર તમામ ખર્ચ કરવા મંજુર કરવામાં આવે છે તથા તે અંગે બીલ આવેથી તે ચુકવી આપવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૦
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે બાંધકામ ખાતા તરફથી ખંભાત શહેરમાં આવેલ ગટરના ચેમ્બરો અને રોડના પેચ વર્ક કરવા માટે સિમેન્ટ ગુણ મંગાવવા માટે સરકયુલર ટેન્ડર ફેરવી ભાવો મંગાવી ભાવોનું સરખામણી પત્રક બનાવીને તેના સૌથી ઓછા ભાવો વિશ્વકર્મા ટ્રેડર્સ ના રૂપીયા.૩૧૯/– એક ગુણના આવેલ છે તો તેઓ પાસેથી સીમેન્ટની ગુણ ૧૫૦ નંગ આઈ.એસ.આઈ. માર્ક વાળી અને ૫૩ ગ્રેડ વાળી સીમેન્ટ ખરીદવા મંજુર અને તે અંગેનો થતો ખર્ચ રૂપીયા.૪૭,૮૫૦/– અંકે રૂપીયા. સુડતાલીસ હજાર આઠસો પચાસ પુરાનો ખર્ચ ચુકવવા ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૭૧

## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે હાલમાં નગરપાલીકાના જુદા જુદા ખાતામાં અવાર નવાર એફોર (એ/૪) સાઈઝના કોમ્પ્યુટર પેપરની ખુબજ જરૂરીયાત હોઈ તાત્કાલીક ખરીદવા ચાલુ બજારમાંથી એ.ફોર ના ૬૦ પેકેટ ખરીદવા અને આ અંગે થતો ખર્ચ કરવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી<br>ચેરમેન<br>એકઝીકયુટીવ કમીટી<br>ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ<br>
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી<br>
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ<br>
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા<br>
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ<br>
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી<br>
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી<br>
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૭૨
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

વોટર વર્કસ વિભાગમાં આવેલા સાયન્સ કોલેજ પર આવેલ બોરવેલ ઉપર ચાલતો ડાયરેકટ સપ્લાય માટે ૪૦ એચ.પી. સબમર્શીબલ મોટરપંપ પાણી ઓછુ ઉપાડે છે જેથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી વાર્ષીક ટેન્ડરના કામ નંબર – ૦૨ માટે સને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર સબમર્શીબલ મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૬ / તારીખ. ૦૯–૦૫–૧૮ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર સબમર્શીબલ મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૫૨૮/ તા.૦૬–૦૯–૨૦૧૮ થી સને ૨૦૧૮–૧૯ ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રા વાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રા વાળા એજન્સી તરફથી સુ.જા.નં–૧૧૮૮/ તા.૧૪–૦૯–૨૦૧૮ થી સને ૨૦૧૮–૧૯નાં મજુંર થયેલ વાર્ષીક ભાવ થી સબમર્શીબલ મોટરપંપ ના કુલ રૂા.૨૨,૧૪૦/– અંકે રૂપિયા બાવીસ હજાર એકસો ચાલીસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ,વત્રાવાળા એજન્સીના સને.૨૦૧૮–૧૯ વાર્ષીક ટેન્ડરનાં કામ નંબર–૦૨ના કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૬ / તા. ૦૯–૦૫–૧૮ થી વાર્ષીક ભાવ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા મંજુર.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૩
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

વોટર વર્કસ ખાતામાં આવેલા શહીદબાગ વો.વ.પર સંપ પર ચાલતો ટાંકી ના સ્ટોરેજ માટે ૬૦ એચ.પી. પોલ્ડર મોટરપંપમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નં.– ૦૪ માટે સને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર પોલ્ડર મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૭/ તા.૦૯–૦૫–૨૦૧૮નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર પોલ્ડર મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૬૫૦/તા. ૧૮–૦૯–૨૦૧૮ થી સને ૨૦૧૮–૧૯ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી સુ.આ.નં–૧૨૧૮/તા.૧૮–૦૯ –૨૦૧૮ થી સને ૨૦૧૮–૧૯ ના મજુંર થયેલ વાર્ષીક ભાવ થી પોલ્ડર મોટરપંપ ના કુલ રૂા.પર,૧૨૫/– અંકે રૂપિયા બાવન હજાર એકસો પચ્ચીસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સને ૨૦૧૮–૧૯ નાં કામ નં– ૦૪ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૭/ તા.૦૯–૦૫–૨૦૧૮ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા મંજુર.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલીકા, ખંભાત
## એકઝીકયુટિવ કમિટિ ઠરાવ નંબર.૧૭૪
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

વોટર વર્કસ વિભાગમાં જદી જદી જગ્યાઓ માટે ઈલેકટ્રીક માલ સામાન ૩૦૦ એમ્પીયરના ફયુઝની જરૂર હોય જેથી વાર્ષીક ટેન્ડરના કામ નંબર–૦૬ માટે સને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં નિયુકત એજન્સી ચરોતર સબમર્શીબલ મોટર રીંવાઈન્ડીંગ, પેટલાદવાળા ને સદર ૩૦૦ એમ્પીયરના ફયુઝ માટે કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૯ / તા.૦૯–૦૫–૨૦૧૮ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર ૩૦૦ એમ્પીયરના ફયુઝ સને.૨૦૧૮–૧૯ ના ટેન્ડરના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન ચરોતર સબ મર્શીબલ મોટર રીવાઈન્ડીગ, પેટલાદવાળા એજન્સી પાસેથી નગરપાલીકા સુ.આ.નં–૧૫૨૭/ તા.૦૬–૦૯–૨૦૧૮ થી સને ૨૦૧૮–૧૯ નાં મજુંર થયેલ વાર્ષીક ભાવ થી ૩૦૦ એમ્પીયરના ફયુઝ ૩૫ નંગના ૧૦૦૦/– લેખે કુલ રૂા.૩૫,૦૦૦/– અંકે રૂપિયા પાંત્રીસ હજાર પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ચરોતર સબમર્શીબલ મોટર રીંવાઈન્ડીંગ, પેટલાદવાળા એજન્સીના સને ૨૦૧૮–૧૯ નાં કામ નં – ૦૬ ના કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૯ / તા.૦૯–૦૫–૨૦૧૮ થી વાર્ષીક ભાવ મજુંર થયેલ છે તદઅનુસાર ચરોતર સબમર્શીબલ મોટર રીંવાઈન્ડીંગ, પેટલાદ વાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ સદર ૩૦૦ એમ્પીયરના ફયુઝ માલ સામાન મેળવવા મંજુર.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૫
## તારીખ.૨૦–૦૯–૨૦૧૮

વોટર વર્કસ ખાતામાં આવેલા શહીદ બાગ વો.વ.પર સંપ પર ચાલતો ટાંકી ના સ્ટોરેજ માટે ૩૦ એચ.પી. પોલ્ડર મોટર પંપમાં ઓવરલોડના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નં.– ૦૪ માટે સને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર પોલ્ડર મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૭/ તા.૦૯–૦૫–૨૦૧૮નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર પોલ્ડર મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૫૯૧/તા.૧૪–૦૯–૨૦૧૮ થી સને ૨૦૧૮–૧૯ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ નંબર–૫૮/તા.૧૯/૦૯/૨૦૧૮ થી સને ૨૦૧૮–૧૯ ના મજુંર થયેલ વાર્ષીક ભાવ થી પોલ્ડર મોટરપંપ ના કુલ રૂા.૩૫,૫૧૦/– અંકે રૂપિયા પાત્રીસ હજાર પાંચસો દસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી ના સને ૨૦૧૮–૧૯ નાં કામ નં – ૦૪ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૩૭/ તા.૦૯–૦૫–૨૦૧૮ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા મંજુર.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા